

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

*ચાબૂકથી ચલાવ્યા'તા, હવે શિંગડાં ભરાવે છે,*
*એના અંગત, હાથે કરી, ખેંચતાણ કરાવે છે,*
*ડરાવે છે બળવાનું ભૂત જૂથના વાઘા પ્હેરી -*
*સત્તાની ખટપણે જૂથો માથે રહી હરાવે છે.*
*(પ્રમુખપદ ખેંચતાણ)*

### હાઈકુ

*ચાલતા નથી,*
*વિદેશી મેદાનમાં -*
*સ્પીનનો જાદુ!*

*બદલી દ્વારા*
*ચૂંટણી શતરંજે -*
*ગોઠવે પ્યાદાં...*

### ચિંતન

**વિપ્રા અસ્નિનગરે મહાન કથયે કસ્તાલદ્રુમાણા ગણઃ કો ધતા રજકો દદાતિ વસંન પ્રાતર્ગૃહીત્વા નિશિ । કો દક્ષઃ પરદારાવિત્ત હરણે સર્વે અપિ દક્ષો જનઃ કસ્માજ્જી વસિ હે સખે, વિષ કમિ ન્યાયેન જીવામ્યહમ્ ॥**

કોઈ યાત્રી આપણા નગરમાં આવી એક નાગરિકને પ્રશ્નો પૂછે છે, આજના આપણા નગર-સમાજની પરિસ્થિતિનું વર્ણન દર્શાવી-ચાણક્યનીતિ - એ પ્રશ્નોના જવાબ આપે છે :

૧. આ નગરમાં સૌથી ઊંચું (બધી રીતે - જાતિ-સંસ્કાર-સદ્ગુણો) કોણ છે? જવાબ - તાડના વૃક્ષો.

૨. યાત્રી : આ નગરમાં દાતા-નીતિવાન-દાની કોણ છે? જવાબ - ધોબી મેલાં કપડાં લઈ જઈ સાંજે પરત આપે છે.

યાત્રી : આ નગરમાં ચતુર કોણ છે?

જવાબ : બીજાનું ધન અને સ્ત્રીઓનું અપહરણ કરવામાં લગભગ બધા ચતુર અહીં જ વસે છે.

યાત્રી : આવા નગરમાં તું રહી કેવી રીતે જીવે છે?

જવાબ : વિષયના પોદડામાં પડેલ કીડાની જેમ, તેમાં જ ઉત્પન્ન થઈ એમાં જ મૃત્યુ પામનાર કીડાની જેમ હું આ નગરમાં જીવી જાઉં છું.

### સુવિચાર

- જે દિલમાં ઝૂરતી ઈન્સાનિયતનું દર્દ રહે...
  એ દિલને દિલ નહીં અલ્લાહની કિતાબ કહો - **હદીસ બોધ**
- ભૂતકાળને ભૂલી જાવ એમાં પણ ખાસ કરીને
  પતિ/પત્નીની ભૂલો, વર્તમાનનો આનંદ લો - **એસ. ભટ્ટાચાર્ય**
- જો સવાલો પૂછવાના બંધ કરશો અને
  તેનામાં વિશ્વાસ કરો તો ભગવાન જલદી મળી જાય છે - **જનકલ્યાણ**
- જે ક્ષણે તમે વ્યાખ્યાના વાકયોમાં તેને જકડી લેશો એ ક્ષણથી ભગવાનનો સાથ છૂટી જશે - **ભક્તિસૂત્ર**
- પોતાની જાત સાથે જે હસી શકે છે તેની સામે કે પાછળ બીજા કોઈ હસતા નથી - **ટોમ બ્રુક્સ**
- જ્ઞાનનો આધાર એકલા સત્ય પર જ નથી પરંતુ આપણી ભૂલ ઉપર પણ છે - **સચ્ચિદાનંદજી**
- આજનું ઔષધ : વરિયાળીના ઉકાળાના સેવનથી દમ રોગમાં ફાયદો થાય છે

(સંકલન : દીપક વી. આસરા)

### બોધકથા

શિક્ષણ પ્રાપ્ત કરવામાં જાત-ભાત-કુળ-ધર્મ જેમ બાધક બનતાં નથી કોઈ પણ જ્ઞાતિ 'વેદો'નું પણ શિક્ષણ પ્રાપ્ત કરી શકે અને શસ્ત્રો-વિજ્ઞાનનું પણ... એવી જ પરિણામો પણ યોગ્યતા પ્રમાણે જ જો મળતાં હોય તો પ્રવેશ અને નોકરીઓ માટે ખાસ ભેદભાવ કેમ? શિક્ષણને સંસ્કાર સાથે નજીકનો સંબંધ છે.

ગુરુના આશ્રમમાં રાજકુમારો અને સામાન્ય બ્રાહ્મણ કુમારો અભ્યાસ કરતા હતા. પ્રખર રાજકુમાર હતો તે આળશુ-અભિમાની હતો. પ્રજેસ સૌમ્ય-સંસ્કારી-બ્રાહ્મણ પુત્ર હતો. અંતિમ દિવસે વિદાય સાથે કસોટીનું પણ આયોજન હતું.

કુમારો-તપસ્વીઓ ગોઠવાઈ ગયા. પ્રખરે પ્રજેસનું અપમાન કરતાં કહ્યું, આ રાજકુમારોની હાર-પંક્તિ છે તારે અહીં ન બેસવું જોઈએ. પ્રજેસ ઉઠી ગયો. ગુરુજીએ આ સાંભળ્યું અને જોયું - દુ:ખી થયા.

ગુરુજીએ પ્રશ્ન પૂછ્યો. એક જંગલમાં ઘાયલ વાઘ રિબાતો પડ્યો હતો. તમે ત્યાંથી પસાર થયા છો, તમે શું કરશો? પ્રખરે - તરત કહ્યું, વાઘ હિંસક છે તેને છંછેડ્યા વિના શાંતિથી પસાર થઈ જવામાં જ ડહાપણ છે.

પ્રજેસે કહ્યું, સંત સ્વભાવનો ધર્મ સેવાભાવ છે ને વાઘનો ધર્મ હિંસા છે. આપણે આપણો જ ધર્મ બજાવવો જોઈએ. ગુરુજી પ્રજેસને ભેટી પડ્યા.

# સ્ત્રી-પુરુષ જન્મદર સરખો કરવો હશે તો 'માનસિકતા' બદલવી પડશે

## તંત્રીસ્થાનેથી....

ગાંધીનગર જિલ્લામાં જન્મદરમાં સતત નોંધાઈ રહેલી વૃદ્ધિ બદલ જિલ્લાના વહીવટી તંત્રને અને છેવટે તો પ્રજાને એની સાચી સમજમ તરફની ગતિ જારી રાખવા બદલ અભિનંદન આપવા જોઈએ. ૨૦૦૧ એટલે કે સદીની શરુઆતમાં કન્યા જન્મદર હજાર છોકરાઓ સામે ૮૮૩ હતો તે પંદર વર્ષ પછી વધીને ૯૦૩ પર પહોંચ્યો છે. વર્ષ ૨૦૧૪-૧૫ દરમિયાન દર હજારે ૫૦ છોકરીઓ આગલા વર્ષની સરખામણીએ વધુ જન્મી એનો અર્થ એટલો જ કે કન્યા ભ્રૂણ હત્યાનું પ્રમાણ નોંધપાત્ર કહી શકાય એટલું ઘટ્યું છે. જો કે પાપ પૂરેપુરું બંધ નથી થયું - હજી દર હજાર પુત્રો સામે ૯૦૩ પુત્રીઓને જ જન્મવા દેવાય છે. આ ૯૭ દીકરીઓની ગેરહાજરી આપણને કઠવી જોઈએ. એમના જન્મવાના અધિકારનું હનન કરનારા સમાજને હજી વધુ સમજાવટની અને જરુર પડ્યે દબાણની જરુર છે. યુગોથી ચાલી આવતી પુરુષ પ્રધાન સંસ્કૃતિમાં વંશવારસ તરીકે પુત્ર સંતાન જરુરી ગણાતું રહ્યું. દીકરીને પારકી થાપણ માની એની ઉપેક્ષા કરાતી રહી છે. એમાં પણ જયારે મેડિકલ સાયન્સમાં ટેકનોલોજી ભળી અને ગર્ભસ્થ ભ્રૂણની જાતિની ઓળખ શક્ય બની તે પછી તો આ મુદ્દે ઉછાળો જ આવી ગયો. અગાઉની જેમ નવજાત કન્યા શિશુને દૂધ પીતું કરી દેવાની અફીણ પિવડાવી દઈ સદાયને માટે ઊંઘાડી દેવાની જરુર જ ન હી. તબીબીશાસ્ત્રના જાણકારો માટે એ 'લુક્રેટિવ બિઝનેશ' બની ગયો છે. ગર્ભપાતને કાયદાનું રક્ષણ મળતાં છટકબારીઓ પણ જડી ગઈ. પરંતુ પરિણામ એ આવ્યું કે ગુજરાત જેવા અહિંસાને વરેલા પ્રદેશમાં પુરુષ-સ્ત્રી જન્મદર વચ્ચે સીધો સો-દોઢસો જેટલો તફાવત રહેવા લાગ્યો. આ તફાવત ભદ્ર અને શિક્ષિત ગણાતા સમાજમાં તો એથી પણ વધારે હોય, કારણ કે નીચલા ઘરના ગરીબ લોકો કંઈ ભ્રૂણનું જાતિ પરીક્ષણ કરાવવા નથી જતા. આ પાપ તો ભદ્ર અને ભણેલા લોકોમાં જ વિશેષ જોવા મળે છે. પરિણામે છોકરાઓ પુખ્ત ઉંમરના થાય ત્યારે ભદ્ર સમાજમાં કન્યાઓની સ્વાભાવિક રીતે જ અછત વરતાવા લાગી. આજે ઉત્તર ગુજરાતના પાટીદાર અને ચૌધરી સમાજમાં ગામે ગામ કુંવારા રહી ગયેલા યુવાનો નાછૂટકે પરપ્રાંતમાંથી કે સમાજના નીચલા થરમાંથી કન્યાઓ મેળવવા ફાંફાં મારતા થઈ ગયા છે. સામાજિક સંતુલન ખોરવાઈ જતાં ગુનાખોરી પણ વધતી હોય છે. આજકાલ રોજેરોજ સામુહિક દુષ્કર્મના અને વિકૃત સેક્સના બનાવો બનવા લાગ્ય છે એનું કારણ આ ખોરવાયેલું સામાજિક સંતુલન પણ હોઈ શકે. ગુજરાત, મહારાષ્ટ્ર, હરિયાણા, કર્ણાટક અને દિલ્હી જેવાં પ્રમાણમાં વિકસિત રાજયોમાં આ સંતુલન અન્ય રાજયોની સરખામણીએ વધુ ખોરવાયું છે. એ જ રીતે શહેરોમાં ગ્રામ્ય વિસ્તારોની તુલનામાં આ રેશિયો વિશેષ જોખમાયો છે. છેલ્લાં કેટલાંય વર્ષોથી આ મુદ્દે દુનિયાભરમાં જાગૃતિ આવી છે અને આપણા વડાપ્રધાનો તથા મુખ્યમંત્રીએ તો 'બેટી બચાવો - બેટી પઢાવો' ના કાર્યક્રમને બહુ જ ગંભીરતાપૂર્વક લીધો છે. એની ફળશ્રુતિ લેખે છેલ્લા દોઢેક દાયકાથી કન્યા જન્મદરમાં સતત સુધારો નોંધાયો છે, તેનું શ્રેય સૌને ફાળે જાય છે. આખરે માનવજાતને ટકવું હશે તો તે યુગલ સ્વરુપે જ ટકી શકશે. સ્ત્રી જાતિ પ્રત્યે શાસ્ત્રોમાં પૂજ્યભાવ દર્શાવતાં હજારો સૂત્રો મળે છે, પરંતુ વાસ્તવિકત જીવનમાં એનું દરેક સ્તરે શોષણ થતું રહ્યું છે. હવે ખુદ સ્ત્રીઓએ એમના જન્મના અધિકારનું રક્ષણ કરવા જાગ્રત રહેવું પડશે. ખાટલે મોટી ખોડ કે સ્ત્રીઓ પણ રન્નાદે પાસે તો 'પગલીનો પાડનાર' જ માગતી ફરે છે. જયાં સુધી આ માનસિકતા નહીં બદલાય ત્યાં સુધી સરકારી કાર્યક્રમો ધાર્યા નિશાન નહીં જ આંબી શકે તે સમજી લેવું જોઈએ.

# મને લાગે છે કે જાણે દેસાઈ મારી ગરીબી પર વ્યંગ કરી રહ્યો છે



## નવાં કલેવર

નટવર હેડાઉ

સવારથી મન બેચેન હતું. ત્રણે બાળકો છેલ્લા પંદર દિવસથી લગ્નમાં જવા માટે પોતાની ફરમાઈશો જણાવતાં હતાં. દીકરીને કપડાં અને દીકરાને મોંઘો પરફયુમ, જીન્સ, બ્લેઝર અને સુઝ લેવાં હતા. બાળકોની માંને પણ એક સારી કિંમતી સાડી લેવી હતી. હું બધાંનું સાંભળતો અને દિલાસો દઈ આ વાત ટાળી દેતો હતો. પણ હવે લગ્નનો દિવસ નજીક આવી ગયો ત્યારે મારી પાસે કયો વિકલ્પ રહ્યો તમે જ કહો?

સરકારી કચેરીમાં નોકરી કરતાં પુરા પંદર વર્ષ થઈ ગયાં. આ કચેરીના જ મારા બીજા સાથીદારો મસ્તીથી જીવે છે. કોઈ એ પોતાનું મકાન બનાવી દીધું છે તો કોઈ બનાવવાની તૈયારીમાં છે. કોઈની પાસે સ્કૂટર છે તો કોઈની પાસે મોટર સાયકલ છે. તેમનાં ઘરનું સ્તર કોઈ મોટા અધિકારી કરતાં ઓછું નથી. તેની તુલનાએ મારી પાસે તો કંઈ નથી. ભાડાનું મકાન જેમાં બે નાના ઓરડા છે. તેનું ભાડું પણ સમયસર ચુકવી શકાતું નથી. એક જુની સાયકલ છે. જેના બંને પૈડાના ટાયરમાંથી અનેક જગ્યાએથી ટ્યુબ બહાર દેખાવા લાગી છે. ઘરની સ્થિતિ સ્પષ્ટ છે કે લગ્નમાં જવાનું હોવા છતાં બાળકોને નવાં કપડાં, બસ ભાડું, ચાંદલાની રકમ અને પેઝન્ટની વસ્તુ વગેરેની વ્યવસ્થા થઈ શકી નથી.

મારા બીજા સાથીદારો આ બધું કઈ રીતે મેનેજ કરે છે તે હું સારી રીતે જાણું છું. ઈચ્છું તો હું પણ એમ કરી શકું. પણ મારો અંતરાત્મા એ સ્વીકારવા તૈયાર નથી. પત્ની અવારનવાર કહે છે કે 'આ દુનિયામાં તમે એકલાં જ ધર્મરાજા બાકી રહી ગયા છો? આટલી સારી ઓફીસમાં કામ કરો છો છતાં ફકીરના ફકીર રહ્યા. મને એ સમજાતું નથી કે જયારે તમારા બધા સાથીદારો રૂશ્વત લે છે તો પછી તમને શું ખૂંચે છે?'

રોજબરોજ આવાં વાક્યો સાંભળવાની હવે તો આદત પડી ચૂકી છે. બસ સાંભળું છું અને અંદરને અંદર મારી જાતને પુછતો રહી જાઉં છું. આજ સવારથી પત્ની કેટલીયવાર મારી સામે આંટાફેરા મારી ચુકી છે. અને યાદ દેવડાવતી રહી છે કે ભલે મારી સાડી ન આવે તો વાંધો નહીં. પણ છોકરાના કપડાં અને લગ્નમાં જવાની તૈયારી તો કરવી જ પડશે. મારી બહેનની દીકરીના લગ્ન છે. આપણા મોભા પ્રમાણએ બધું થવું જોઈએ.

પત્નીની વાત સાચી છે એ હું જાણું છું. પણ મને મારા ખાલી થતા ખિસ્સાની પણ ખબર છે. મિત્રો અને દુકાનદારો પાસેથી ઉધારી એટલી થઈ ગઈ છે કે હવે વધુ મળવાની આશા નથી. મકાનનું ભાડું ય તે મહિનાનું ચડી ગયું છે. ગામડે ઘરડીમાં છે તેને પણ આ મહિને કંઈ મોકલી શક્યો નથી.

હું સવારથી મારી તૂટેલી ખુરશી પર બેઠો બેઠો આ બધું વિચારતો આત્મકેન્દ્રિત થઈ રહ્યો છું.

અચાનક અનુનો અવાજ આવ્યો. પપ્પા તમને મળવા કોઈ આવ્યું છે. આ સાંભળી પત્ની ઝડપથી અંદર આવી અને વણમાગી સલાહ આપવા લાગી. 'કાલવાળો જ પેલો માણસ છે. મારું માનો તો એનું કામ કરી દેજો. છોકરાઓનું તો થઈ જશે.'

'કાલ વાળો માણસ?' હું મનમાં ને મનમાં બબડું છું. પેલો દેસાઈનો બચ્ચો, મેં કાલ તેને ચોખ્ખી ના પાડેલી કે હું ખોટું કામ નહીં કરું. કોઈ પણ કિંમતે નહીં. છતાં કેમ આવ્યો છે?'

મારો આ બબડાટ પત્ની સાંભળે અને કંઈ બોલે તે પહેલાં દરવાજાનો ખખડાટ થયો, પેલો દેસાઈ પોતાના ઘસલેટી હાસ્ય પ્રસરાવતો શર્ટની બહાર નીકળતી ફાંદ અને બેડોળ આકૃતિએ અંદર પ્રવેશ્યો.

દેસાઈ નમસ્તે કરતો અંદર આવે અને બાજુમાં પડેલી બીજી ખુરશી પર બેસતાં પહેલાં જ શરુ કરી દે છે. 'માફ કરજો સાહેબ ઓફિસ જવાના સમયે સવાર સવારમાં તમને તકલીફ આપવા આવ્યો છું. એમ થયું કે પછી તમે મળો કે ન મળો. લગ્નગાળો આવી રહ્યો છે. તમે તો સાદાઈથી જીવવા ટેવાયેલા છો પણ આજકાલના છોકરાઓનું શું અને સાહેબ સમાજમાં રહીએ એટલે...

મને લાગે છે કે જાણે દેસાઈ મારી ગરીબી પર વ્યંગ કરી રહ્યો છે. હું તેને વચ્ચે જ અટકાવી દઉં છું. 'દેસાઈ તમે તમારી વાત કરો. ફાલતું વાતો છોડો. મેં કાલે જ ના પાડી છે કે મારાથી ખોટું કામ નહીં થાય.'

(ક્રમશઃ)

# સજીવ ખેતી અને સાત્વિક આહાર



## વિચારોના મધુવનમાં

પ્રો. રાકેશ પટેલ

***એક પ્રાણીને એવી ટેવ બજારમાં દેખાય તે બધું ખાય***
***ઘરનું ભોજન, ઘરની ઊંઘ ન આવે કોઇ એને તોલ***

હમણાં અમદાવાદ સાત્વિક ફૂડ ફેસ્ટીવલ આયોજીત થયો. જાત-જાતની દેશી વાનગીઓ અને ઓર્ગેનિક ફૂડ તરોતાજા બનીને આપણી પાંચે ઇન્દ્રિયોને લાભ આપી ગઇ. ભોજનની બાબતે આપણે નવીન રીતો અને સાધનો શોધી કાઢી પણ કૂકરની સામે તપેલી હારી જાય તે યોગ્ય નથી. રવિવારે માટીની હાંડલીમાં કઢી કે દાળ આપણે છેલ્લે ક્યારે બનાવી? ઓર્ગેનિક ( સો ટકા આરોગ્યપ્રદ) ભોજનનો સ્વાદ કે મતવાલા દેશી દૂધને આપણે હોઠે સ્પર્શ કરાવ્યો છે ખરો? આપણે માતાના દૂધનો મહિમા પણ ક્યારેક જાણી નથી શક્યા. એ જ રીતે ધરતી માતાના અનાજ અને પાણીને અભડાવી નાખ્યા છે.

ધરતી જે વનસ્પતીને પોષે એ વનસ્પતીથી જીવોનું પોષણ થાય. આ જમીન રેતીના બારીક કણોની બનેલી નથી. ચોરસ ઇંચ જેટલી જમીનમાં કરોડો જીવાણુઓ છે એ નરી આંખે જોઇ શકતા નથી. જીવાણોથી ઉભરાતી જમીન જીવતી જમીન છે, જેટલા જીવાણુઓ વધુ એટલી જમીનની પેદા કરવાની તાકાત વધુ, જમીનમાના જીવાણુઓ ઘટે કે નાશ પામે તો ઉત્પાદન ઘટે, જમીનમાના જીવાણુઓ વધે એવી ખેતી તે સજીવ ખેતી.

આ જીવાણુઓ મરે એવા ખાતરોને જંતુનાશક દવાઓ વાપરીને થતી ખેતી નિર્જીવ ખેતી, જે ખાતરોને જંતુનાશક દવાઓ આ જીવાણુઓનો નાશ કરે, જમીનનું પોત બગાડે, પાણીને પણ બગાડે છે.

માંદી જમીનમા ઊછરેલા છોડ મોટા અને લીલાછમ દેખાય પણ માંદા હોય. તેના પર જે ધાન કે ફળ પેદા થાય તે પણ માંદા ને જે ખાય તે પણ માંદા થાય. માંદો છોડ ઝડપથી રોગનો ભોગ બને. અને બચાવવા ભયંકર ઝેરી દવાઓ છાંટવી પડે. આ દવા પાન પર પડે. પાનમાંથી અનાજમાં ભળે. અનાજ મારફતે ઝેર આપણા શરીરમાં જાય. દવાનો મોટો ભાગ જમીન પર પડે. તે પાણીમાં ઓગળે. પાણી પણ ઝેરવાળું બને. ઝેર ખોરાક મારફતે માણસના શરીરમાં દાખલ થાય. માનવજાત કેન્સર જેવા ભયંકર રોગનો ભોગ બને. રોગ સામે ટકી રહેવાની શક્તિ ઘટી.દવા ને ડૉક્ટરોના ખર્ચા વધતા જ જાય.

નાશ ધીમે ધીમે આવે છે. પહેલાં વૃક્ષો કપાય છે. પછી જમીનમાંનું પાણી ઊંડું ઊતરતું જાય છે. પછી પશુની સંખ્યા ઘટે અને છેવટે માણસને મરવાનો વારો આવે. મરવું હોય તો વૃક્ષો કાપો, જીવવું હોય તો વૃક્ષો વાવો. એક ટન કાગળ માટે ૧૨ મોટા વૃક્ષો કપાય છે.

જંતુનાશક દવાઓના સંપર્કમાં આવતા જ આપણા સ્વાસ્થ્ય ઉપર તેની કેટલીક તત્કાળ હાનિકારક અસરો જોવા મળે છે. તાત્કાલિક અસરોમાં આંખ, નાક અને ગળામાં બળતરા થવી, પાણી નીકળવું, ચચરાટી થવી અને ખાંસી થવી વગેરે છે. લાંબાગાળાની અસરોમાં કેન્સર, મગજ અને ચેતાતંત્ર પર થતી અસરો અને પ્રજનનતંત્રની બીમારીઓ વિશેષ થાય છે. આંતરરાષ્ટ્રીય સંશોધનોથી હવે એવું સાબીત થયું છે કે જંતુનાશક દવાઓ માનવ -કેન્સર સાથે સંબંધ ધરાવે છે. બાળકોની અંદર આ જોખમ સૌથી વધારે છે. અમેરિકા, યુરોપીય દેશો, બ્રાઝિલ અને ચીનમાં થયેલા અભ્યાસોથી એવું જણાયું છે કે ખેતીમાં જંતુનાશક દવાઓના છંટકાવ કરતા ખેડૂતોનાં સંતાનોમાં લોહીનું કેન્સર, મગજનું કેન્સર, લસિકાગ્રંથીઓનું કેન્સરની ગાંઠ, અને મૂત્રપીંડ તથા ચામડીના કેન્સરનું પ્રમાણ વધારે હોય છે.

માનવ સજીત રસાયણોએ માનવજાતિના ભાવિને વિષમય બનાવ્યું છે. આપણે ભવિષ્યને સુરક્ષિત બનાવવું હોય તો જંતુનાશક દવાઓ વિનાની સલામત ખેતીનો વિકલ્પો શોધવો જ રહ્યો. આપણી સમક્ષ ખાદ્યાન્નનું ઉત્પાદન વધારવાનો નહિ.

ખેતરને એક સમગ્રતાવાળું પર્યાવરણીય એકમ સમજવું જોઇએ. જો ખેતર પરની ઈકોલોજીના ભાગ તરીકે સેન્દ્રિય ખાતરો વાપરવામાં આવે તો તેમની તાકાતનો સાચો ખ્યાલ આવે. જમીનમાં જીવો, પાકોની વિવિધતા, જળ સંરક્ષણ, વાડ,વૃક્ષો , પક્ષીઓ, અળસિયાં,દેડકા વગેરે ભેગાં થઈને આ ઈકોલોજી તૈયાર કરે છે. ખેતીની પેદાશ એ આ ઈકોલોજીની નીપજ છે ખેતર પર ઊભેલો છોડ સમગ્ર ખેતર સાથે - તેની ઈકોલોજી સાથે - આંતરસંબંધો બાંધીને જ આપણને પેદાશ આપે છે. છોડને માત્ર વ્યક્તિગત એકમ તરીકે ન ગણવો જોઇએ.

જમીનમાં ચાલતી વિવિધ પ્રક્રિયાના નિયંત્રણ માટે જમીનના આ જીવોમાંનાં અળસિયાં તથા ઊધઇ જમીનની ગુણવત્તા તથા પોષણચક્રને જાળવવામાં ઘણો અગત્યનો ભાવ ભજવતા હોય છે. સજીવ ખેતીમાં જમીનને તેની ભૌતિક, રાસાયણિક તથા જૈવિક લાક્ષણિકતાઓ ધરાવતા જીવંત ઘટક તરીકે ગણવામાં આવે છે. અળસિયાં તો જમીનની નાડીના ધબકારા છે. જેટલા ધબકારા વ્યવસ્થિત તેટલી જમીન પણ તંદુરસ્ત !!

અળસિયાં ધરાવતી માટીમાં બેક્ટેરીયા, ફૂગ, એક્ટીનો માઇસીટ્સ, પોરોઝુઆ જીવાત, કરોળિયા, હજારીપગાનું પ્રમાણ ખૂબ હોય છે. આ સૂક્ષ્મ જીવો જમીનને તંદુરસ્ત તથા ફળદ્રુપતા બક્ષે છે. આવાં અળસિયાંની હાજરી એ જમીનની ફળદ્રુપતા માપવા માટેનો જૈવિક માપદંડ છે. અળસિયાં કચરાનું વિઘટન કરે છે.

વિશ્વ આરોગ્ય સંસ્થાઓના અંદાજ મુજબ દુનિયાભરમાં દર વર્ષે જંતુ નાશકોથી ૩૦ લાખ લોકોને ઝેર ચડે છે અને તેમાંના ૨ લાખ મૃત્યુ પામે છે. ખેતર પર કામ કરનાર બે કરોડ ૫૦ લાખ ને ઝેરની અસર થાય છે. ભારતમાં પણ તેની વિઘાતક અસરો જોવા મળે છે. વડોદરામાં પ્રાપ્ય શાકભાજીમાં સામાન્ય કરતા સેંકડો ગણા વધારે પ્રમાણમાં કોમીયસ, નિકલ અને સીસુ હોય છે. આ ભારે ધાતુઓ શરીરના યકૃત, મૂત્રપીંડ અને ચેતાતંત્રને કાયમી નુકશાન પહોંચાડે છે. યુએન ના અહેવાલ મુજબ દર વર્ષે ૨૦ લાખ લોકોને ઝેર ચડે છે. તે પૈકી ૨૨૦૦૦ મૃત્યુ પામે છે.

ગાય આધ્યાત્મિક અને ભૌતિક ઉન્નતિનું એકમેવ સાધન છે પ્રાચીન સમયમાં અને આજે પણ કર્મકાંડમાં દેવતાઓનું યજન ગોદૂધથી જ થાય છે. જેની પાસે ગાય છે તે દેવાધિદેવ ઈન્દ્રનું સુખ પ્રાપ્ત કરે છે. કૃશ શરીરવાળાને હૃષ્ટપુષ્ટ બનાવનાર એકમાત્ર ગાયનું દૂધ છે. તેજહીનને સુંદર બનાવવાની ક્ષમતા ગોદુગ્ધમાં છુપાયેલી છે.

તે ઝેરી જંતુનાશકો વાપર્યા સિવાય પકવેલી હોવાથી તેમાં ઝેરી રસાયણોના અવશેષો હોવાની શક્યતા ઘણી ઓછી છે.

તેના પ્રોસીસિંગ, સ્ટોરેજ અને ટ્રાંસપોર્ટ દરમિયાન ક્યાંય કૃત્રિમ રસાયણો વપરાતાં નથી.

સજીવ ખેતીથી પકવેલ સફરજન, બટેટા,ઘઉંમાં રાસાયણિક રીતે પકવેલ ચીજો કરતા ૬૩% વધુ કેલ્શીયમ, ૭૩% વધુ લોહ, ૧૧૮% વધુ મેગ્નેશીયમ, ૧૧૮% વધુ મોલિબ્ડેન, ૯૧% વધુ ફોસ્ફરસ, ૧૧૫% વધુ પોટેશીયમ અને ૬૦% વધુ જસત હોય છે.

સજીવ ખેતીની પેદાશો જીનેટિકલી મોડીફાઇડ ઓર્ગેનિઝમ મુક્ત હોય છે. સ્કોટલેન્ડમાં શોધાયું છે કે આવા બટેટા ખવરાવવાથી ઉંદરોના પાચનતંત્રમાં સોજો આવી ગયો હતો અને તેમની રોગપ્રતિકારકશક્તિ ઘટી ગઇ હતી.આવા ખોરાકની માનવજાતને ટેવ નથી અને તેનાથી એલર્જી ઉપરાંત અનેક રોગોની શક્યતા છે.

# વિરોધપક્ષનો નેતા...!! દરેક વાતે વિરોધનો વંટોળ...!!



## Hello ફ્રેન્ડસ

સંજય થોરાત

... એ આવ્યો વિરોધપક્ષનો નેતા, જો જો હો આપણે કોઈ પણ વાત કરશું એ તો એની પતંગ હવાની વિરુદ્ધમાં જ ચઢાવશે...

'મારાં ઘૂંટણ દુખાવાનો ચાર વર્ષ થઈ ગયા, પણ છેલ્લા મહિનાથી ખાસ્સો ફેર પડ્યો છે. મેં કેરાલાનું તેલ ઘસવાનું ચાલું કર્યા બાદ...' સૌરભભાઈ બોલ્યાં.

'અરે, શેનું તેલ લગાવો છો? નકરી જાહેરાતબાજી છે, વ્યાયામ કરો, અને નહીં તો ની રિપ્લેસમેન્ટ કરાવો. આજકાલ ત્રીસ ટકા લોકોનાં ઘૂંટણ ડુપ્લીકેટ જ હોય છે, તમેય ઓપરેશન કરાવી બદલી નાંખો એટલે બીજાં ૩૦ વર્ષ શાંતિ.' બાપુએ એમનું સુણાવ્યું.

●●●

'ફેમીલીમાં કેવી રીતે જીવવું જોઈએ, એની એકદમ ભાવવાહી વાતો ડૉ. વીજળીવાળાએ કરી. લગભગ બધાં શ્રોતાઓનાં આંખમાં આંસુ હતા. ખરેખર બહુ સરસ વાતોથી જીવન જીવવાનો અભિગમ બતાવ્યો.' શરદભાઈ એમનો અનુભવ કહેતાં હતા.

'બેઠી કૉપી મારે છે બૉસ એ ઈન્ટરનેટ પરથી. એમની બધી વાતો અંગ્રેજીમાં આવેલી છે. અને મહાભારત-રામાયણમાં શું ઓછા ઉદાહરણ છે, તે અંગ્રેજીના રવાડે ચઢવાનું? સમજ્યા મારા ભાઈ, એના કરતાં તો મોરારી બાપુ સારાં...' બાપુએ તરત જ એમનો અભિપ્રાય ઝાડ્યો.

'દુનિયા ભૂલાકે તુમસે મિલા હૂં, નીકલી હૈ દિલ સે યે દુઆ, રંગ દે તુ મોહે ગેરુઆ... કેટલું સરસ ગીત ગાયું છે ને? જાણે આપણા માટે જ ગાયું હોય?' મયંકભાઈ દિલવાલેના ગીતના વખાણ કરતાં હતા.

'આમાં શું ગમવા જેવું છે? છે કોઈ ઠેકાણાં, છ મહિના બાદ જોજો ગેરુઆ કલર કયાંક ઉડી ગયો હશે. જૂના ગીતો સાંભળો, આજેય મસ્ત લાગે છે, અમે કંઈ અમસ્તા થોડાં જુના ગીતોના આશિક છીએ.' બાપુએ એમના સંગીતની જાણકારી આપી.

●●●

'ખરેખર ભગવાનની કૃપા હતી તે મારું પોતાનું સરસ ઘર બન્યું, બજરંગ બાણનું પઠન અને દત્તાત્રેય ભગવાનને સંકલ્પે બધું સરસ કરી આપ્યું, ખરેખર ભગવાનની ભક્તિ કરવાથી ઈચ્છિત ફળ મળે છે.' પાર્વતીબેન ભાવપૂર્વક બોલતાં હતા.

**જાણી જોઈને તેઓ હાલ પુછે છે, કોર્સ બહારનાં બધાં સવાલ પુછે છે,**
**અહીં કયાં કોઈને કંઈ ખરીદવું છે, બસ અસસ્તા ભાવતાલ પુછે છે!**

'બહેન કયાં જમાનામાં જીવો છો? આ સવાર સાંજ મહેનત કરો છો, નોકરી કરો છો. તમારા પતિ સરસ જૉબ કરે છે, કર્મયોગ ને કારણે થયું છે. બાકી મંદિરની પૂજારી ચોવીસ કલાક ભગવાન સામે જ હોય છે, તોય એમનો કાંઈ મેળ પેડ છે?' બાપુની ભગવાન વિશેની કોમેન્ટ.

●●●

બૉસ, આ ઉપરના કિસ્સા વાંચ્યાને, આ બાપુઓ એટલે આપણી આસપાસ ફરતાં કેટલાંય નમૂનાઓ. એમને કોઈ પણ વાત કે વિષય હોય એ વિરુદ્ધમાં જ બોલવાનાં. વિષયની કોઈ ચિંતા નહીં અને પરિણામની ફીકર નહીં. એમનું એક જ કામ વિષયની વિરુદ્ધમાં પડવું. આમની ઓળખ એટલે વિરોધપક્ષનો નેતા...

આવી નોટો નાનપણથી જ અલગ તરી આવે... સ્કૂલ પિકનિકમાં જાય અને બદાં અંતાક્ષરી રમતાં હોય ત્યારે આ બાપુ બસની બહારનું સૌંદર્ય માણતાં હોય. અને પાછું બોલે, 'આ શું ફાલતું ગીતોની રવાડે ચઢ્યાં છો, આબુ આવ્યા છો તો બહારની ગ્રીનરી જુઓ ને, ગીતો તો ગમે ત્યારે ગવાશે.' હવે એની વાતને કોઈક જવાબ આપે કે, 'અલ્યા અમારી સાથે પિકનિકમાં આવ્યો છે તો ગાને ગીતો, આવજે એકલો આ ડુંગરા અને ગ્રીનરી જોવા.' એને આ વાત ગમે તો છે પણ છતાંય એ ચર્ચા ચાલુ જ રાખશે... આ લોકોની એક જ માનસિકતા કે હું કંઈક અલગ છું. મારા પોતાના સ્વતંત્ર વિચાર છે, અને એવું એને બીજાને કહેવામાં મજા પણ આવે છે...

સ્કૂલમાં બહુ બધાં માર્કસ મેળવી પહેલો-બીજો નંબર લાવનારા ને 'ગોખણીયાં, શિક્ષકોના લાકડાં વિદ્યાર્થીઓને 'ચમચા' કહે છે. આ લોકો પોતાને થતો અન્યાય એ એમની વાતનો મનગમતો વિષય. ' અમે કયાં ચાંદીનો ચમચો લઈને જન્મ્યા છીએ, અમારા મા-બાપે કયાં અમને કંઈ આપ્યું જ છે? આવું સતત કહીને એટેન્શન મેળવતાં રહે છે.

આગળ વધતાં ઑફિસના પ્રમોશનમાં પણ આજ થિયરી પછી એપ્લાય કરે છે. કૉલેજમાં જો ટાય ડે ઉજવાય તો આમને રાષ્ટ્રપ્રેમ ઊભરાઈ જાય અને ટ્રેડિશનલ પહેરીને આવે અને જો ટ્રેડિશન ડે ઉજવાય તો મારા બેટા જાણી જોઈને પેન્ટ-શર્ટ પહેરીને કૉલેજમાં પધારે...!!

એમને સિદ્ધ તો કશું કરવાનું હોતું જ નથી, માત્ર એક અસહકારની ચલાવતી વ્યક્તિ તરીકે પોતાનું અસ્તિત્વ બતાવતાં રહેવાનું. કોઈ પણ કોઈનાં વધારે વખાણ કરે તો તો આ લોકો ભડકી જ ઉઠે. તમે જો ચા પીવાની તલબ લાગી છે એવું કહો, એટલે આ બિરાદર કૉફીના વખાણ કરશે. તમે સચિન તેંડુલકરને ભગવાન ગણો તે એ લારાને ગોડ બનાવી દેશે... સચિન સેન્ચુરી મારે એટલે ભારત હારી જાય છે એવાં આંકડા પુરાં પાડે...

આપણે ગુજરાતી ભાષાના ગુણગાન ગાઈએ, એટલે એને અંગ્રેજી ગ્રેટ લાગે, આપણે ગાંધીનગર શહેરના વખાણ કરીએ એટલે એ ભાઈ અમદાવાદની ક્વૉલિટી બતાવવા લાગે... તાવ હતો ને હમણાં જ ઈન્જેકશન લઈને આવ્યો એમ કહીએ એટલે એ આયુર્વેદના ચૂર્ણ અને કાઢાના ગુણગાન ગાય, અને ડૉકટરે કોઈ ઑપરેશનનું કહ્યું એમ કહીએ એટલે એ ભાઈ આ તો યોગાસન કરવાથી જ મટી જાય એ વાત પર અડી જાય...

એકંદરે તમે જે કાંઈ કહો એટલે એની વિરુદ વાત શરુ કોઈની વાત સાંભળવી, એને ટેકો કરવો, પ્રોત્સાહન આપવું. એનાં નિર્ણયને યોગ્ય ગણવો, બીજાની વાતને આદર આપવો આવું બધું એમનાં હિસાબમાં જ નથી આવતું. દ્રાક્ષ ખાટી દર વખતે નથી હોતી જીભ પણ કયારેક તૂરી હોય છે, એવું આ બાપુ સમજતાં જ નથી!

સહેલાઈથી કોઈની વાત માની લે એવાં લોકો આમની નજરમાં નબળાં અને મુરખાં હોય છે. હવે આવા અસ્વસ્થ આત્માઓ કોની કઈ વાત પર ખુશ થશે કહી શકાય નહીં. અનેક ગ્રુપમાં ફરતાં રહેતાં આ બંધુઓ સતત પોતાની જીભને ધાર કાઢતાં હોય છે અને જેમ ડ્રેગનના મોંમાંથી જવાળાઓ ફેંકાય એમ એમની જબાન ચાલતી રહે છે...

અચ્છા, એમને કોઈને સમજી લેવાની, સમજાવવાની જરુર જ નથી. ધારો કે તમે એની વાત માનીને એમ કહો કે, 'સારું ચાલ તું મને સમજાવ.' તો પછી એમ કહેશે. 'તું જ તારી રીતે વિચાર કરને.' પોમેરિયન કૂતરો જેમ દડા જોડે રમત કરતો રહે એમ આ એક મુદ્દાને રમાડ્યાં કરશે!

આપણી ગાડી પાછળ એકાદું કૂતરું કચકચાઈને ભસતું દોડતું પાછળ પડે, દસ-પંદર ડગલામાં તો આપણને ગભરાઈ મારે અને પછી જેમ

અનુસંધાન પાના નં. ૭ પર

